समग्र शिक्षा
Samagra Shiksha

**શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ''જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)'' માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત ''જ્ઞાન સહાયક (પ્રાથમિક)''ની જગ્યાના કરાર બાબતે ઓનલાઈન અરજી આમંત્રિત કરવા અંગે.**

| ક્રમ | જગ્યાનું નામ | માસિક ફિક્સ મહેનતાણું | વય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | જ્ઞાન સહાયક (અનુદાનિત પ્રાથમિક) | રૂા.૨૧,૦૦૦/- | ૪૦ વર્ષ |

શિક્ષણ વિભાગ અંતર્ગત ગુજરાત રાજયની અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ''જ્ઞાન સહાયક યોજના (પ્રાથમિક)'' માટે શાળા કક્ષાએ ૧૧ માસ માટે કરાર આધારિત ''જ્ઞાન સહાયક (પ્રાથમિક)''ની જગ્યાએ ભરતી માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓન-લાઈન અરજીઓ મંગાવવામાં આવી છે.

ઉપરોક્ત જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા ઓન-લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીની રહેશે.

ઉમેદવારે ઓન-લાઈન અરજી https://pregyansahayak.ssagujarat.org/ વેબસાઈટ પર જઈ કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઈટ પર મૂકેલ ઉક્ત જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સૂચનાઓ/માર્ગદર્શિકા પહેલા વાંચી લેવી. આ અરજીઓ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહી. તદઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહી.

ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઈ માટે જ્યારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓન-લાઈન કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક-એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

ઓન-લાઈન અરજી કરવાની તારીખ : 05/12/2024 ગુરૂવાર (૧૪:૦૦ કલાક થી શરૂ)
ઓન-લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : 12/12/2024 ગુરૂવાર (૨૩:૫૯ કલાક સુધી)

સહી/-
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર

માહિતી/૧૬૬૬/૨૪-૨૫